ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

## વાઈબ્રન્ટમાં વીવીઆઈપી મહેમાનોનું

# વિદેશી સ્ટાઈલથી સ્પોર્ટસ બાઈક વડે પાયલોટીંગ થશે..!

### સ્પોર્ટસ લુક ધરાવતા ૧૮૦ સીસીનાં ૨૩ બાઈક લવાયા

### હાર્ડલી ડેવીડસન જેવા મોંઘાદાટ બાઈકો પણ લાવવા વિચારણા



(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા. ૨૫

વીવીઆઈપી મહાનુભાવોનું વાઈબ્રન્ટ સમિટમાં આગમન થશે ત્યારે અમદાવાદથી ગાંધીનગર લાવવા માટે સલામતીના કારણોસર પોલીસ પાયલોટીંગ-અસ્કોર્ટીંગ કરશે. આ માટે નવી નક્કોર ૨૨૫ બોલેરો લાવવામાં આવી છે તે ઉપરાંત કેટલાક વીવીઆઈપીનું પાયલોટીંગ સ્પોર્ટસ બાઈક વડે ફોરેન સ્ટાઈલથી કરવામાં આવશે. ૨૩ નવા નક્કોર સ્પોર્ટસ બાઈકો ખરીદીને ગાંધીનગર એસ.પી. કચેરીએ મુકી દેવામાં આવ્યા છે તે ઉપરાંત હાર્ડલી ડેવીડસન જેવા મોંઘાદાટ બાઈકોનો પણ પાયલોટીંગમાં ઉપયોગ કરવા માટે ખરીદી કરવા વિચારણ ચાલી રહી છે. જેનો ચારેક દિવસમાં નિર્ણય લેવાશે.

કેટલાક વીવીઆઈપી મહાનુભાવોનું પાયલોટીંગ ફોરેન સ્ટાઈલથી સ્પોર્ટસ બાઈક વડે કરવામાં આવશે જે માટે પોલીસને ૧૮૦ સીસીના ૨૩ ટીવીએસ અપાશે. સ્પોર્ટસ લુક બાઈક ફાળવવામાં આવ્યા છે. ૨૩ બાઈક ગાંધીનગર એસ.પી. કચેરી મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત રોયલ એનફીલ્ડ તથા હાર્ડલી ડેવીડસન જેવા બાઈક લાવવાની વિચારણા કરીને કંપની પાસેથી કોટેશન પણ મંગાવવામાં આવ્યા છે. ગઈ કાલે પોલીસ ભવનમાં આ પૈકી હાર્ડલી ડેવીડસન જેવા બાઈકો પણ ટેસ્ટીંગ માટે લવાયા હતાં. આ મોંઘાદાટ બાઈકો ખરીદવા અંગે ચારેક દિવસમાં નિર્ણય લેવાશે તેમ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# વાયબ્રન્ટ પૂર્વે શહેરમાં ૧૧૨ રીફલેકટીવ બોર્ડસ લગાવાશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને અનુલક્ષી નગરનો મેકઓવર કરવામાં આવી રહ્યો છે. માર્ગ સુધારણા, પ્લાન્ટેશન કલરકામ સહીતના બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે હવે શહેરમાં રસ્તા, સર્કલો અને વિવિધ પબ્લીક પ્લેસના નામો દર્શાવતા માહીતીદર્શક બોર્ડસ લગાવવામાં આવશે. વાઈબ્રન્ટને અનુલક્ષી 'ચ' અને 'ખ' માર્ગ પર ગેન્ટ્રી પણ ઉભી કરાશે. શહેરના ૧૧૨ જેટલા વિવિધ પ્રકારના નાના મોટા બોર્ડસ લગાવવામાં આવશે રીફલેકટીવ બોર્ડસ રાત્રિ દરમિયાન પણ આકર્ષક લાગશે.

નગરમાં આવતા મુલાકાતીઓને નગરના વિવિધ રસ્તા, સર્કલો, ઉપરાંત વિવિધ કચેરીઓ અને સ્થળો સંદર્ભે યોગ્ય દીશામાં જવાની રાહ અને માહિતી આપતા બોર્ડસ લગાવવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે બોર્ડસ લગાવવાનું કામ પૂર્ણ કરી દેવાશે. જેમાં જિલ્લા સેવા સદન, ન્યાયાલય, પાટનગર યોજના ભવન, સચિવાલય સહિતના સ્થળો દર્શાવતા ૧૨ જેટલા બોર્ડસ લગાવાશે. આ ઉપરાંત અન્ય ૧૬ એલીવેશન બોર્ડ લગાવાશે. ૨૪ જેટલા જંકશન બોર્ડ ઉભા કરવામાં આવશે. જેના આધારે સર્કલો અને રસ્તાઓની ઓળખ દર્શાવાશે. જયારે વિવિધ વિસ્તારોમાં સ્થિત કચેરીઓ અને સ્થળોની માહીતી દર્શાવતા ૬૦ જેટલા માહીતીદર્શક બોર્ડ લગાવાશે. ૧૬ એલીવેશન બોર્ડમાં વિવિધ ત્રણ ભાષામાં માહિતી દર્શાવાશે. આ ઉપરાંત વાઈબ્રન્ટને અનુલક્ષી નગરના 'ચ' અને 'ખ' માર્ગ પર ગેન્ટ્રી ઉભી કરાશે. શહેરના માર્ગોને વિવિધ પ્રકારના રીફલેકટીવ બોર્ડથી સજાવવામાં આવશે. આકર્ષક બોર્ડસનું રીફલેકશન પણ ૭ વર્ષ સુધી જળવાઈ રહેશે.

# વાયબ્રન્ટમાં સુરતી ઉંધીયું અને ફાફડા-જલેબી મહેમાનોને પીરસાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં જાન્યુઆરી માસમાં યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટમાં ઉપસ્થિત રહેનાર વીવીઆઈપી/વીઆઈપી મહેમાનોને ગુજરાતી સ્વાદ ચાખવા મળશે. તેમના માટે નક્કી કરાયેલા મેનુમાં સુરતી ઉંધીયું, જલેબી, ફાફડા, ખમણ, ઢોકળા, ખમણ-ઢોકળા, રીંગણનો ઓળો તથા બાજરી-જુવારના રોટલા સહિતની સ્વાદિષ્ટ વાનગીઓ પીરસવામાં આવશે.

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમિટની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. જયાં જુઓ ત્યાં આ કાર્યક્રમની તૈયારીના ભાગરૂપે કાંઈકને કાંઈક કામ થતું જોવા મળી જ જાય છે. ૨૦૧૫માં યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટમાં ગાંધીનગર અને ગુજરાતની પ્રતિષ્ઠાની કસોટી થવાની હોઈ સરકાર કોઈ કસર રાખવા માંગતી નથી. મહેમાનગતિ પણ આલા દરજ્જાની થાય તેવા તમામ પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવશે. દેશ વિદેશના મહાનુભાવો પર કાયમી રીતે ગુજરાતી વાનગીઓની છાપ અંકિત થાય તે માટે ગાંધીનગર અને અમદાવાદના છ કેટરર્સને કામગીરી સોંપવામાં આવી છે. આ ઉપરાંત મહેમાનોને ઈન્ટરનેશનલ ટેસ્ટ મળી રહે તે માટે પિત્ઝા, હેમ બર્ગર વગેરે પણ રાખવામાં આવ્યા છે. વાયબ્રન્ટમાં મહાનુભાવો ગુજરાતી ફુડનો આસ્વાદ માણી શકે તે માટે ગુજરાતી વાનગીઓને પ્રાધાન્ય આપીને અસંખ્ય વાનગીઓ પર પસંદગી ઉતારવામાં આવી છે.

મહાનુભાવોને મુખ્ય ગુજરાતી વાનગીઓમાં ઉંધીયુ-જલેબી, ફાફડા, રીંગણનો ઓળો, જુવાર-બાજરીના રોટલા, સેવ-ટામેટાનું શાક, ફાડા લાપસી, લાડવા, તુવેર ટોઢા, કઠોળની આઈટમ, ખમણ, ઢોકળા, વિવિધ ભાજીનું શાક, પૂરણપોળી, થેપલા, લીલવાની કચોરી, ભજીયા, ગોટા અને મોહનથાળ સહિતની વાનગીઓ પીરસવામાં આવશે.

# વાઈબ્રન્ટ દરમિયાન સર્કલો પણ આકર્ષણનું કેન્દ્ર બનશે

### નગરના તમામ સર્કલોને સુશોભિત કરવાનું અભિયાન હાથ ધરાયું છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને સુશોભિત કરવા યુધ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. નગરના તમામ સર્કલોને વિવિધ થીમ આધારિત ડેવલપ કરી ન્યુ લુક આપવામાં આવી રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરની આગવી ઓળખ સમા સર્કલોને રોશનીથી શણગારવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવા માટે માર્ગ સુધારણા ઉપરાંત બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. સમગ્ર શહેરના રોડ નેટવર્કને ચકાચક બનાવી દેવાયું છે. રાત્રિના સમયે રસ્તાઓ વધુ આકર્ષક લાગે છે. માર્ગો પર લગાવાયેલ કેટ આઈ અને મીડીયમ માર્કેટના લીધે રસ્તાઓ પર અનોખી ચમક દમક જોવા મળે છે. માર્ગો પર સ્થિત વિવિધ સર્કલોનું પણ નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું છે. વિવિધ થીમ આધારિત વિકાસ પામેલા નવા સર્કલોનું હાલ રંગરોગાન કામ પણ ચાલી રહ્યું છે. આ ઉપરાંત બાકી રહેતા નવા સર્કલોને પણ વિકસાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. નગરના મુખ્યમાર્ગોની સાથે સર્કલોની પણ કાયાપલટ કરી દેવાતા માર્ગોની સુંદરતા ઔર નિખરી છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નગરના તમામ સર્કલો વિકસિત અને સુશોભિત જોવા મળશે. થોડા સમય અગાઉ જ સર્કલોની જાળવણીના મામલે ઉચ્ચકક્ષાએ મળેલી બેઠકના અંતે સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી છે જયારે આ પૈકી અમુક સર્કલો કોર્પોરેશનને પણ સોંપવામાં આવ્યા છે.

# આજે સ્વ.પ્રેમશંકર ભટ્ટની જન્મજયંતિ નિમિત્તે નિઃશુલ્ક કાનૂની માર્ગદર્શન કેમ્પ

ગાંધીનગર તા.૨૫

ગાંધીનગરના ભૂતપૂર્વ સનદી અધિકારી અને નિવૃતિ બાદ જીવન પર્યત સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ સ્વ.પ્રેમશંકરભાઈ ભટ્ટની ૮૭ મી જન્મ જયંતિએ સે-૨૧માં મહારાષ્ટ ભવન પાસે વાસ્તુ નિર્માણ સોસાયટી પંચશીલ પાર્કના પ્લોટ નં.૭૫૪ ખાતે તા.૨૬ મી ડિસેમ્બરે સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક કાનુની સલાહ અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બિહાર રાજયની વડી અદાલતના નિવૃત મુખ્ય ન્યાયમૂર્તિ જે.એન.ભટ્ટ તથા ગુજરાત રાજયના માનવઅધિકાર પંચના



પ્રવર્તમાન અધ્યક્ષ અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકાના જાખોરામાં સ્વચ્છતા સ્પર્ધા

### ગામને ૧૧ વિભાગોમાં વહેલી અને સ્પર્ધાનું આયોજન : ૧ હજારથી ૨૦ હજારના ઈનામો અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના જાખોરા ગામે આજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા સ્પર્ધાનું અનોખું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં વિજેતાઓને રૂ. એક હજાર, વીસ હજાર અને રૂ. ૧૦ હજારનું આજે ઈનામ એનાયત થશે.

જાખોરા ગામને ૧૧ વિભાગમાં વહેંચી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી પરેશ રાવલ આ સ્પર્ધાના ઈનામો એનાયત કરવા ખાસ આવી પહોંચ્યા છે.

ઘર, વિભાગ અને જાહેર સંસ્થાઓ વચ્ચે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજેતા ઘરને રૂ. ૧ હજાર સુધીની ગૃહઉપયોગી વસ્તુની ભેટ આપવામાં આવશે.

વિભાગો વચ્ચેની આંતરિક સ્પર્ધામાં વિભાગને સ્વચ્છતા જાળવવા માટેની આવશ્યક વસ્તુ રૂ. ૨૦ હજાર સુધીની એનાયત કરવામાં આવનાર છે. તો જાહેર સંસ્થાઓમાં પણ સ્વચ્છતા માટે રૂ. ૧૦ હજારની મર્યાદામાં સાધન સહાય ચુકવવાનું આયોજન કરાયું છે.

આ સ્પર્ધાને માણવા સાંસદ શ્રી પરેશ રાવલ જાખોરા જઈ ચડ્યા હતા

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com